DIVYA BHASKAR
Ahmedabad, 19. February 2010, p.2

અમદાવાદ | શુક્રવાર | ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૦

સિટી ભાસ્કર | 2

# આવું હશે ડ્રીમ સિટી

## એટ હોમ | વર્કશોપ દ્વારા ટ્રાન્સ અર્બન જાણશે બાળકોને જોઇએ છે કેવું ઘર

બેલા ઠાકર »




**એટહોમ** : વિયેનાવાસી નરીમાન મન્સૂરીના નટરાણી ખાતે યોજાયેલા પ્રદર્શનમાં સમાજનું જીવન આંખ સામે તાદૃશ થાય છે.

નટરાણીમાં યોજાયેલું ઓસ્ટ્રિયન રહેણીકરણીને દર્શાવતું તસવીર પ્રદર્શન 'એટ હોમ' જોઈને પ્રતીતિ થાય કે આપણી અને તેમની જીવનશૈલી વચ્ચે કેટલી બધી સામ્યતા છે! આ તસવીરોનું પ્રદર્શન લઈને આવ્યા છે વિયેનાના રહેવાસી નરીમાન મન્સૂરી, જેઓ પોતે આર્કિટેક છે.

નરીમાન મન્સૂરી માત્ર આ પ્રદર્શનને જ લાવીને નથી બેસી રહ્યા, તેઓ અમદાવાદમાં ત્રણ પ્રકારની વર્કશોપ પણ યોજી રહ્યા છે તેમાંની બે વર્કશોપ્સ અમદાવાદની કેટલીક શાળાના વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવી રહી છે. આ અંગે જણાવતાં તેઓ કહે છે, 'એક વર્કશોપ બાળકોને વૃક્ષો અને પ્લાન્ટ્સ એટલે કે 'ગ્રીન'નું મહત્ત્વ સમજાવવા અંગે થઈ રહી છે. ઘરની ડિઝાઈન જેટલી મહત્ત્વની છે તેટલું જ તેનું સરાઉન્ડિંગ્સ પણ મહત્ત્વનું છે. તમે પ્રકૃતિની જેટલી નિકટ રહેશો તેટલી જ તમારા જીવનની ગુણવત્તા વધશે અને સ્ટ્રેસ ઓછો થશે. ઘરમાં, શહેરોમાં, હાઈ-વે પર ગ્રીન એરિયાની કેટલી જરૂર છે તે અમે આ વર્કશોપ થકી બાળકોને સમજાવીશું. બીજી વર્કશોપ એ પ્રકારની છે જેમાં અમે બાળકોને 'તમારે કેવા ઘરમાં રહેવું છે?' 'તમને કેવા શહેરમાં રહેવું ગમે?' એ અંગે કલ્પના કરી ચિત્રો દોરવા જણાવીએ છીએ. ત્રીજી વર્કશોપ અમારા જર્મન ફોટોગ્રાફર એનઆઈડીના વિદ્યાર્થીઓ સાથે કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ અમદાવાદની પોળોના, જૂના-નવાં વિસ્તારોના અને મકાનોના, લોકોના ફોટા પાડશે જેનું પ્રદર્શન 'લિવિંગ કલ્ચર ઓફ અમદાવાદ' એ નામે વિયેનામાં યોજવામાં આવશે.'

આ તસવીર પ્રદર્શન સાથે એક નાની વીડિયો ફિલ્મ પણ દર્શાવામાં આવે છે જેમાં મલેશિયા, થાઈલેન્ડ, વિએતનામ, ઈન્ડોનેશિયા વગેરે દેશોના લોકોની લિવિંગ કન્ડિશન, તેમના રહેઠાણો અને ઘર અંગેના તેમના વિચારોને દર્શાવામાં આવ્યા છે. મલેશિયાનો એક બાળક જણાવે છે, 'મારા ઘરમાં તો થોડા પ્લાન્ટ્સ અને આજુબાજુ બહુ જ બધાં ઝાડ હોય એટલે બસ.' આપણે તો કદી બાળકોને પૂછ્યું જ નથી કે તેમને કેવું ઘર અને કેવું શહેર જોઈએ છે.

આ પ્રદર્શન પાછળનો હેતુ જણાવતાં તેઓ કહે છે, 'ટ્રાન્સ અરબન' દ્વારા એક યોજના બનાવામાં આવી, જે અંતર્ગત તેમાં ભાગ લેનાર લોકોને ૨૫૦ જેટલાં કેમેરા આપવામાં આવ્યા અને તેમને તેમના ઘરની અથવા તો ઘરનો એવો એક ખૂણો જે તેમને સહુથી વધુ આરામદાયી લાગતો હોય તેની તસવીર પાડવાનું જણાવામાં આવ્યું. 'એટ હોમ' પરિયોજના થકી લોકોએ પોતાના માહોલને જોવા આંખો ખોલી અને પોતાના રહેણાકનો રહેણાક વિસ્તારનો એક દસ્તાવેજ બનાવ્યો. આ તસવીરો ૧૪ વર્ષના બાળકોથી માંડીને એંશી વર્ષના વૃદ્ધોએ પણ પાડી છે.'

થેન્ક્સ ટુ નરીમાન મન્સૂરી, આપણને હવે જાણવા મળશે કે અમદાવાદના બાળકો કેવું અમદાવાદ ઝંખે છે, પોતાના ઘર અને શહેર અંગેની તેમની કલ્પના કેવી છે.